Digital Gujarat

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ ચોર્યાસીની કચેરી, સુરત**

એ-બ્લોક, બીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત

ફોન નં.૦૨૬૧-૨૬૬૩૮૦૦ ઈમેઇલ આઇ.ડી.06.mamchorasi@gmail.com

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

નં.જમન/એકત્ર/દેલાડવા/બ.નં.૨૬૯/અ/વશી નં.૬૧૪/૨૦૨૨. તા.૦૨/૦૪/૨૦૨૨ ૦૫

વાંચનમાં લીધું:-

(૧) અરજદારશ્રી મુકેશભાઇ માવજીભાઇ વિગેરે રહે.એ-૪૦૧, સાંઇ હેવન,કરાડા રોડ, આંબા તલાવડી, કતારગામ, સુરતનાઓની તા.૧૦/૦૨/૨૦૨૨ ની અરજી.

(૨) ગુજરાત જમીન મહેસુલ નિયમો ૧૯૭૨ના નિયમ-૧૧

(૩) સરકારશ્રીનાં ઠરાવ નં. એલ.આર.૧૮૮તા.૧૮/૦૪/૧૯૭૯

(૪) મે.કલેક્ટરશ્રી સુરતના હુકમ નં.એ/બખપ/બિનખેતી/એકત્રવશી/૬૪૨/૧૪ તા.૧૮/૦૨/૨૦૧૪

(૫) સરકારશ્રીનાં સેટલમેન્ટ કમિશ્નરશ્રી અને જમીન રેકર્ડ નિયામકશ્રી અમદાવાદના પરિપત્ર નં.એલ.આર.૧૮૮ તા.૦૨/૦૫/૨૦૧૫

(૬) સર્કલ ઓફીસર સચીનના શેરા નં.સ.ઓ.સચીન/એકત્રીકરણ/દેલાડવા/રજી નં.૪૨/૨૦૨૨ તા.૦૮/૦૪/૨૦૨૨થી પુરૂ થતું પ્રકરણ.

<u>હુકમ :-</u>

પ્રસ્તુત કામે આમુખ ૧ માં જણાવેલ અરજીથી અરજદારશ્રી મુકેશભાઇ માવજીભાઇ વિગેરે રહે.એ-૪૦૧, સાંઇ હેવન, કરાડા રોડ, આંબા તલાવડી, કતારગામ, સુરતનાઓ દ્વારા મોજે દેલાડવા, તા.ચોર્યાસીના સ.નં.૨૩૪+૨૩૫, બ.નં. ૨૬૯/અ, ક્ષે.૧-૦૫-૪૮ ચો.મી, ખાતા નં.૮૮૦ આકાર રૂ.૧૫.૨૬ પૈસાવાળી જમીન, સ.નં.૨૩૪+૨૩૫, બ.નં.૨૬૯/બ, ક્ષે.૧-૦૫-૪૭ ખાતા નં.૮૮૧ આકાર રૂ.૧૫.૨૬ પૈસાવાળી જુની શરત વાળી જમીનો એકત્ર કરવા માટે તા.૧૦/૦૨/૨૦૨૨ના રોજ અત્રેની કચેરીએ અરજી કરેલ છે.

આ કામે એકત્ર કરવાની માંગણીવાળી જમીનોની હાલમાં ૭/૧૨ માં દર્શાવ્યા મુજબની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | ખાતા નં. | સર્વે નંબર | બ્લોક નંબર | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી) | આકાર (રુ.પૈસા) | સત્તાપ્રકાર | ૭/૧૨ મુજબ કબજેદારની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૮૮૦ | ૨૩૪+૨૩૫ | ૨૬૯/અ | ૧-૦૫-૪૮ | ૧૫.૨૬ | જુની શરત | (૧)મુકેશભાઈ માવજીભાઈ મોતીસરીયા (૨)હરેશભાઈ માવજીભાઈ મોતીસરીયા |
| ૨ | ૮૮૧ | ૨૩૪+૨૩૫ | ૨૬૯/બ | ૧-૦૫-૪૭ | ૧૫.૨૬ | જુની શરત | (૧)મુકેશભાઈ માવજીભાઈ મોતીસરીયા (૨)હરેશભાઈ માવજીભાઈ મોતીસરીયા |

આ કામે સદરહુ જમીનમાં પડેલ ફેરફાર નોંધોની વિગતો ધ્યાને લેતાં અરજદારશ્રીઓ ફેરફાર નોંધ નં.૪૧૩૯ તા.૧૭/૦૧/૨૦૨૨ થી બ્લોક નં.૨૬૯/અ વાળી જમીન તથા ફેરફાર નોંધ નં.૪૧૪૦ થી બ્લોક નં. ૨૬૯/બ વાળી જમીન રજી.વે.દસ્તાવેજથી ધારણ કરતા હોવાની વિગત જણાય છે.

આ કામે સર્કલ ઓફીસરશ્રી સચીનના તા.૦૪/૦૪/૨૦૨૨ના રોજના પંચક્યાસથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીનો સ્થળે એકબીજાને લાગુમાં આવેલ છે. જેમાં હાલ શેરડીના પાકની વાવણી કરેલ છે. જેની પશ્ચિમ દિશામાં દેલાડવા-ખરવાસા રોડ પસાર થાય છે. ઉત્તરમાં લાગુ કાચો ગાડા માર્ગ આવેલ છે. બ્લોક નં.૨૬૯/અ ના શેઢા ઉપર એક ગુંદાનું ઝાડ આવેલ છે. પુર્વ દિશામાં ખાનગી માલિકીની ખેતીની જમીન તથા દક્ષિણે ખાનગી માલિકીની ખેતીની જમીન આવેલ છે. જેમાં કોઈ બાંધકામ આવેલ નથી. તેમ જણાવેલ છે.

આ કામે અરજદારશ્રીઓએ તા.૦૭/૦૪/૨૦૨૨ ના રોજના રૂબરૂ નિવેદનમાં જણાવેલ છે કે સવાલવાળી જમીનો તેઓ વેચાણ હક્કે ધારણ કરતા આવેલ છે તથા સદરહુ જમીનો ગામ રેકર્ડે તેઓ નામ કબજેદાર તરીકે ચાલી આવેલ છે. સદરહુ જમીનો પ્રત્યક્ષ તેઓના કબજા/વહીવટ/ભોગવટા હેઠળ ચાલી આવેલ છે. તથા સદરહુ જમીનો હાલ સ્થળે એકબીજાને સાથે લાગુ છે. સદરહુ જમીનમાં કોઈ બાંધકામ કરવામાં આવેલ નથી. હાલ સ્થળે શેરડીની વાવણી કરેલ છે. આ જમીનોમાંથી વીજલાઈન પસાર થતી નથી. સદરહુ જમીન ખેત જમીન ટોચ મર્યાદા કે શહેરી જમીન ટોચ મર્યાદા હેઠળ ફાજલ જાહેર થયેલ નથી કે તેના કોઈ કેસ ચાલુ નથી કે સંપાદન હેઠળ નથી. તેમજ નજીકમાં કોઈ પેટ્રોલ પંપ કે ફેકટરી આવેલ નથી. જમીનમાંથી કોઈ તેલ કે ગેસ લાઈન પસાર થતી નથી. આ જમીન અંગે કોઈ આરટીએસ કેસ, દિવાની કેસ, ફોજદારી કેસ કે કોઈ પણ પ્રકારની તકરાર કોઈપણ કોર્ટ કચેરીમાં ચાલુ નથી કે કોઈ મનાઈ હુકમ નથી. આ જમીનમાંથી અન્ય કોઈનો રસ્તો પસાર થતો નથી કે તે અંગેની કોઈ તકરાર નથી. આ જમીનમાં કોઈ વ્યકિત, સંસ્થા કે સરકારનો કોઈ બોજો ચાલી આવેલ નથી કે જો કોઈ બોજો હોય તો તે તેઓ ભરવા ખુશી સંમતી દર્શાવેલ છે. આ જમીન ગીરો વેચાણ, વહેંચણ કે બક્ષીસ કે અન્ય કોઈપણ પ્રકારે તબદીલ કરેલ નથી. તે અંગેના કોઈ લખાણ-કરાર કરેલ નથી. આ જમીન ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી છે. તેમ છતાં પણ આ જમીન અંગે કોઈપણ પ્રકારના કેસ તકરાર ઉપસ્થિત થાય તો તેની સંપુર્ણ જવાબદારી કબજેદારોની છે. આ પરવાનગીના કામે તપાસ કરનારની કે પરવાનગી આપનારની થશે નહિ અને તેવા સંજોગોમાં કોઈ કોર્ટ કે સરકારશ્રીનો જે કોઈ નિર્ણય થાય તે તેઓને માન્ય અને બંધનકર્તા રહેશે. આ જમીનમાંથી કોઈપણ વર્ગના રસ્તા, પાણીની કેનાલ, નદી-નાળા-કોતર પસાર થતી નથી. આ જમીનમાં કોઈ જાહેર હિત સમાયેલું નથી. જેથી અમારી જમીન વિકાસના હેતુથી જમીન એકત્ર કરી આપવા અમારો જવાબ છે. આ કામે સરકારશ્રીના તમામ નિતી, નિયમો, શરતો, ઠરાવો, કાયદાઓ, સુચનાઓનું પાલન કરવા સંમતિ દર્શાવેલ છે.

આ કામે સર્કલ ઓફીસરશ્રી સચીનએ તેઓના તા.૦૪/૦૪/૨૦૨૨ ના અહેવાલથી મોજે દેલાડવા, તા.ચોર્યાસીની ઉપરોક્ત માંગણીવાળી એકત્ર કરવા માટે હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

પ્રસ્તૃત કામે અરજદારશ્રીઓએ જણાવેલ જમીનોના સત્તાપ્રકાર જુની શરતના હોય સરખા જણાય છે. સવાલવાળી જમીનના કબ્જેદારોના નામની વિગત ધ્યાને લેતાં નામો સરખા જણાય છે. તેમજ સદરહુ જમીનો એકબીજાને લગોલગ આવેલ છે. આમ, મોજે દેલાડવા, તા.ચોર્યાસીના સ.નં.૨૩૪+૨૩૫, બ.નં. ૨૬૯/અ, ક્ષે.૧-૦૫-૪૮ ચો.મી, ખાતા નં.૮૮૦ આકાર રૂ.૧૫.૨૬ પૈસાવાળી જમીન,

સ.નં.૨૩૪+૨૩૫, બ.નં.૨૬૯/બ, ક્ષે.૧-૦૫-૪૭ ખાતા નં.૮૮૧ આકાર રૂ.૧૫.૨૬ પૈસાવાળી જુની શરત વાળી જમીનો એકત્ર કરવાપાત્ર જણાય છે.

સરકારશ્રીનાં આમુખ (૨) થી (૫)માં જણાવેલ પરિપત્રો, ઠરાવો મુજબ ખેતીનાં બે બ્લોકો એકત્ર કરવાની ફી રૂ.૩૦૦/-(અંકે રૂપિયા ત્રણસો પુરા) અરજદારશ્રીએ સરકારશ્રીમાં "૦૦૨૯ એલ.આર.એન.ટી.બી. સદરે ચલણ નં.૧૦/૨૦૨૨-૨૩ તા.૨૮/૦૪/૨૦૨૨ ના રોજ સરકારશ્રીમાં જમા કરાવી તેનું અસલ ચલણ અત્રે રજુ કરેલ છે.

અરજદારશ્રીની અરજી પરત્વે સર્કલ ઓફીસર સચીન તરફથી રજુ કરેલ હકારાત્મક અભિપ્રાયને ધ્યાને લેતાં તેમજ સરકારશ્રીનાં આમુખ-(૨) થી (૫) માં જણાવેલ પરિપત્રો અને ઠરાવોથી થયેલ જોગવાઇ મુજબ તથા બિનખેતીની જમીનોનાં બ્લોક એકત્ર કરવાનાં કામે ગુજરાત મહેસુલ નિયમો-૧૯૭૨નાં નિયમ-૧૧થી જોગવાઇ અનુસાર અમોને મળેલ અધિકારની રૂએ નીચેની શરતોને આધિન નીચેનાં કોષ્ટકની વિગતોનાં બ્લોક નંબરોની જમીનો એકત્રીત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

એકત્રીકરણ પહેલાની સ્થિતિ

| અ. નં. | ખાતા નં. | સર્વે નંબર | બ્લોક નંબર | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી) | આકાર (રૂા.પૈસા) | સત્તાપ્રકાર | ૭/૧૨ મુજબ કબજેદારની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૮૮૦ | ૨૩૪+૨૩૫ | ૨૬૯/અ | ૧-૦૫-૪૮ | ૧૫.૨૬ | જુની શરત | (૧)મુકેશભાઈ માવજીભાઈ મોતીસરીયા (૨)હરેશભાઈ માવજીભાઈ મોતીસરીયા |
| ૨ | ૮૮૧ | ૨૩૪+૨૩૫ | ૨૬૯/બ | ૧-૦૫-૪૭ | ૧૫.૨૬ | જુની શરત | (૧)મુકેશભાઈ માવજીભાઈ મોતીસરીયા (૨)હરેશભાઈ માવજીભાઈ મોતીસરીયા |

એકત્રીકરણ બાદની સ્થિતિ

| અ. નં. | ખાતા નંબર | સર્વે નંબર | બ્લોક નં. | ક્ષેત્રફળ (હે.આરે. ચો.મી.) | આકાર | સત્તાપ્રકાર | કબજેદારોની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૮૮૦ | ૨૩૪+૨૩૫ | ૨૬૯/અ | ૨-૧૦-૯૫ | ૩૦.૫૨ | જુની શરત | (૧)મુકેશભાઈ માવજીભાઈ મોતીસરીયા (૨)હરેશભાઈ માવજીભાઈ મોતીસરીયા |

ઉપરોકત કોષ્ટકની વિગતે જુદા- જુદા બે બ્લોક નંબરોની જમીનનું અકત્રીકરણ થતાં હવે પછી મોજે દેલાડવા, તા.ચોર્યાસીના સ.નં.૨૩૪+૨૩૫, બ.નં. ૨૬૯/અ, ક્ષે.૧-૦૫-૪૮ ચો.મી, ખાતા નં.૮૮૦ આકાર રૂ.૧૫.૨૬ પૈસાવાળી જમીન, સ.નં.૨૩૪+૨૩૫, બ.નં.૨૬૯/બ, ક્ષે.૧-૦૫-૪૭ ખાતા નં.૮૮૧ આકાર રૂ.૧૫.૨૬ પૈસાવાળી જુની શરત વાળી જમીનો એકત્ર થતાં ખાતા નં.૮૮૦ બ્લોક નં.૨૩૪+૨૩૫, જરા.ક્ષે. ૨-૧૦-૯૫, કુલ ક્ષે. ૨-૧૦-૯૫ ચો.મી. આકાર રૂ. ૩૦.૫૨ તથા હાલની ૭/૧૨ માં કબજેદારા તરીકે ચાલતા (૧)મુકેશભાઈ માવજીભાઈ મોતીસરીયા (૨) હરેશભાઈ માવજીભાઈ મોતીસરીયાના નામો તે મુજબ રેકર્ડ પર અમલ કરવાનો રહેશે.

શરતો :-

(૧) એકત્ર કરવા પરવાનગી આપવામાં આવેલ જમીનો ખાતા નં.૮૮૦ સ.નં.૨૩૪+૨૩૫, બ.નં. ૨૬૯/અ, કુલ ક્ષે. ૨-૧૦-૯૫ ચો.મી. આકાર રૂ. ૩૦.૫૨ રેવન્યુ રેકર્ડમાં દર્શાવવાનો રહેશે.

(૨) પ્રશ્નવાળી જમીન વચ્ચે હદ નિશાન હોય તો તે દુર કરી સુધારવાનાં રહેશે.

(૩) પ્રશ્નવાળી જમીનનો નકશો, હુકમ પ્રમાણે સુધારવાનો રહેશે.

(૪) પ્રશ્નવાળી જમીનની માપણી અરજદારે પોતાનાં ખર્ચે કરવાની રહેશે.

(૫) સદર જમીન પરત્વે રેવન્યુ અથવા દીવાની કોર્ટમાં કોઇ કેસ ચાલતા હશે અથવા અગાઉ હુકમો થયા હશે તો તે આ હુકમથી એકત્રીત થનાર જમીનને લાગુ પડશે. આ જમીન ઉપર વણ નોંધાયેલ બોજાઓ અથવા ગીરો મુકેલ હશે તો તે એકત્રીત જમીનને પણ બંધન કર્તા રહેશે.

(૬) ગામ દફતરે ચાલી આવેલ બોજાઓ એકત્રીત જમીનને પણ બંધન કર્તા રહેશે.

મામલતદાર ચોર્યાસી ★ સત્યમેવ જયતે ★ MAMLATDAR CHORASI

મામલતદાર ચોર્યાસી
જિ.સુરત

પ્રતિ,
મુકેશભાઇ માવજીભાઇ મોતીસરીયા
રહે.એ-૪૦૧,૪૦૧, સાંઇ હેવન, કરાડા રોડ,
આંબા તલાવડી, કતારગામ ,સુરત.

નકલ જયભારતસહ રવાના:- જિલ્લા નિરીક્ષકશ્રી, જિલ્લા નિરીક્ષક જમીન દફ્તરની કચેરી, સી-૧, બહુમાળી મકાન, નાનપુરા, સુરત તરફ..
૨/- જાણ તથા સર્વે રેકર્ડમાં દુરસ્તીની કાર્યવાહી કરવા સારૂ.

નકલ રવાના:- નાયબ મામલતદારશ્રી ઇ ધરા,તા. ચોર્યાસી, તરફ...
૨/- હુકમનો અમલ ગામ દફતરે રેકર્ડ ઓફ રાઇટસ મુજબ અમલ કરવા સારૂ.

નકલ રવાનાં :- મહેસુલી તલાટીશ્રી દેલાડવા તરફ...
૨/- જાણ તથા રેકર્ડે જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

As on 05/03/2023 11:59 AM

અરજી નંબર **2023255156**

જીલ્લો: સુરત

સિટી સરવે ઓફિસ: સુરત-૩

વોર્ડ: દેલાડવા (બીનખેતી)

| અરજી નંબર : 2023255156 | | | મિલકત કાર્ડ | | **12146** |
|---|---|---|---|---|---|
| જીલ્લો: સુરત | | | સિટી સરવે ઓફિસ: સુરત-૩ | | વોર્ડ: દેલાડવા (બીનખેતી) |
| સિટી સરવે નંબર | ટી.પી નંબર | ફા.પ્લો.નં | ક્ષેત્રફળ(ચો.મી.) | સત્તા પ્રકાર | સરકાર ને ભરવાના આકાર અથવા ભાડા સંબધી અને ફેર આકારણી માટે પુરી થતી મુદત સંબધી વિગત |
| NA269/અ | | | 21095 | સી C | રૂ.13712 |

| | |
|---|---|
| સતા પ્રકાર નું વર્ણન | ગુજરાત લેન્ડ રેવન્યુ કોડની ૧૮૭૯ની કલમ ૪૮ હેઠળ સરકારશ્રીને મહેસુલ ભરવાને પાત્ર જમીનો. |
| પડોશ હક્ક | |
| ઈંકવાયરી ઓફિસર ના ઠરાવ ને આધારે સને 2023 માં હક્ક પ્રાપ્તિનો આધાર (શોધી શકાય તે પ્રમાણમાં) | |
| ધારણ કરનાર | મુકેશભાઇ માવજીભાઇ મોતીસરીયા<br>હરેશભાઇ માવજીભાઇ મોતીસરીયા<br>હક્કો કેવી રીતે મળ્યા(મળી આવે ત્યાં સુધી)<br>કલેકટર શ્રી,સુરત ના બીનખેતી હુકમ ક્રમાંક : 19/22/10/052/2023 તા. 03/01/2023 ના આધારે આ કાર્ડ બનેલ છે. (બીનખેતી હુકમ ની ગામ નમૂના નં 6 ની નોંધ નં : 4278) |
| પટેદાર: | |
| બીજા બોજા: | (1) જીલ્લા નિરીક્ષક જમીન દફતર સુરતના હુકમ ક્રમાંક:કે.જે.પી./એસ.આર./૧૪/૧૭-૧૮ તા.૦૬/૦૬/૨૦૧૭થી નોંધ કરી [3703], (2) જીલ્લા નિરીક્ષક જમીન દફતર સુરતના હુકમ ક્રમાંક:કે.જે.પી.એસ.આર./૨૧/૨૨-૨૩ તા.૭/૭/૨૦૨૨ મુજબ ગામે દુરસ્તી પત્રક નં.૨૩ની નોંધ કરી. [4216], (3) મામલતદાર ચોર્યાસી જિ.સુરતના હુકમ નં.જમન/એકત્ર/દેલાડવા/બ.નં.૨૬૯/અ/વશી ૬૧૪/૨૦૨૨ તા.૦૨/૦૫/૨૦૨૨ ની નોંધ કરી. [4195] |
| બીજી નોંધ: | |

| અનુક્રમ નંબર તારીખ | ફેરફારની વિગત | નવો ધારણ કરનાર(ધા) પટેદાર(પ) અથવા બીજા બોજાઓ(બો) | નિર્ણય (પ્રમાણિત,નામંજુર) સહી અને તારીખ |
|---|---|---|---|

2023255156

Digitally signed by:

DS O/O THE SETTLEMENT COMMISSIONER AND DIRECTOR OF LAND RECORDS 1

GOVERNMENT OF GUJARAT

Date: 05-03-2023 13:41:32 IST

CSS SURAT-3